| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૩/૧૨/૨૦૧૯    સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૨૧૭૯/૧૯**

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :

### શરીર સંબંધી બે પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓ તથા ખાસ કરી મહિલાઓ  વિરૂધ્ધના ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે આ પ્રકારનો ગુનો આચરનાર નામે (૧) સુરેશભાઇ શંકરભાઇ પરમાર ઉ.વ.૨૬ તથા (૨) કિશન પુંજાભાઇ સોલંકી ઉ.વ.૨૮ બંને રહે. ગાંધીવાસ-૨, પંજાબીની ચાલી, રામાપીરના મંદિર પાસે, સાબરમતી, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૯૦/૧૯ ઇ.પી.કો. કલમ ૩૫૪, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ મુજબ તથા સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯૧/૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૩૩, ૩૩૨, ૧૮૬, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપીઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી

પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીઓને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ અનુક્રમે નંબર/પીસીબી/ડીટીએન/પાસા/ ૧૪૮૦/૧૯ તથા હુકમ નંબર/પીસીબી/ડીટીએન /પાસા / ૧૪૮૧/૧૯ તા.૨૨/૧૨/૧૯ ના રોજના હુકમ આધારે સદરી આરોપીઓને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી સેન્ટ્રલ જેલ સુરત તથા રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>:

(૧) **LR** ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) **ASI** હર્ષદભાઇ ચંદુભાઇ બ.નં.૪૮૪૯
(3) **PC** હિતેશકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૪) **LR** ધર્મેન્દ્રસિહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦
(૫) **ASI** જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૬) **HC** કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧
(૭) **PC** રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૮) **LR** શકિતસિંહ જગદીશસિંહ બનં.૪૪૩






## સરદારનગર પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી સ્ત્રી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ જુબેદાબાનુ ઉર્ફે મુન્ની ફિરોજભાઇ શેખ ઉ.વ.૬૦ રહે- સંતોશીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ શહેર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૮૩/૨૦૧૯ તા-૨૨/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૨૨/૧૨/૧૯ ના કલાક - ૨૦/૨૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

પાસા અટકાયતીનુ નામ- જુબેદાબાનુ ઉર્ફે મુન્ની ફિરોજભાઇ શેખ ઉ.વ.૬૦ રહે- સંતોશીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭
(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧

નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૯૩ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.



# પ્રોહીબીશન સબંધી સ્ત્રી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ સીતાબેન શ્રીરામભાઇ કુશવાહ ઉ.વ.૪૦ રહે- સંતોશીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ શહેર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૮૨/૨૦૧૯ તા-૨૨/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૨૨/૧૨/૧૯ ના કલાક - ૨૦/૧૦ વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

પાસા અટકાયતીનુ નામ- સીતાબેન શ્રીરામભાઇ કુશવાહ ઉ.વ.૪૦ રહે- સંતોશીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭

(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧

નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૯૨ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.



## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૨૨.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર મિલ્કત સબંધી/શરીર સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના દાણીલીમડા તથા વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના બંધ મકાનની બારી તોડવાની તેમજ બંધ મકાનના દરવાજાનુ લોક તોડી મકાનમાથી જીન્સના પેંટની ચોરી કરવાની તેમજ મો.સા.ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે મોહમંદ બિલાલ નજીરભાઈ શેખ રહેવાસી- ૧૫૦૩,લુબા એપાર્ટમેંટ શાલીમાર ટોકીઝની પાછળ રસુલાબાદ શાહઆલમ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમંદ બિલાલ નજીરભાઈ શેખ રહેવાસી- ૧૫૦૩,લુબા એપાર્ટમેંટ શાલીમાર ટોકીઝની પાછળ રસુલાબાદ શાહઆલમ |

- અમદાવાદ શહેરના ઈસનપુર તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મો.સા.ઉપર આવી ચાલતા જતા લોકોના ગળામાથી સોનાની ચેઈનની ઝુટવી ચીલઝડપ કરી ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે મોહમંદ વાકીફ ઉર્ફે બાબુ ઉર્ફે ચોર મોહમંદ જાબીર મોહમંદવારીશ શા રહે.મ.ન.૧૨૧૭/૩૮, મરીયમબીબીની ચાલી, મરીયમબીબી ચાર રસ્તા પાસે ગોમતીપુર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમંદ વાકીફ ઉર્ફે બાબુ ઉર્ફે ચોર મોહમંદ જાબીર મોહમંદવારીશ શા રહે.મ.ન.૧૨૧૭/૩૮, મરીયમબીબીની ચાલી, મરીયમબીબી ચાર રસ્તા પાસે ગોમતીપુર અમદાવાદ શહેર |

➢ ઈસનપુર પોસ્ટે વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારુ  અગાઉના ઝઘડાની અદાવત રાખી લોકોની સાથે બોલાચાલી કરી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી અને લોખડના પાઈપ સાથે  હુમલો કરી તેમજ પોલીસ વાનને પત્થરમારો કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમો નામે ૧.રમજાન ઉર્ફે જાન્ના આમીનભાઈ અબ્દુલ રજાક કુરેશી રહે.બી/૭૪ ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ ૨.અલ્તમસ ઉર્ફે પથ્થર ઈશાકભાઈ અકબરભાઈ કુરેશી રહે. ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ મુળ રહેવાસી- જાન સાહેબની ગલી, ઈલેકટ્રીક હાઉસ ની પાસે લાલ દરવાજા અમદાવાદ ૩.મહેમુદ આમીનભાઈ અબ્દુલ રજાક કુરેશી રહેવાસી- .બી/૭૪ ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ ૪. ફિરોજ ઉર્ફે મણીયો   ફારુકભાઈ  કુરેશી  રહેવાસી- ૧૮૧, ગલી ન.૯ ફૈઝલ પાર્ક,તૃપ્તીહોટલની પાછળ,બીઆરટીએસ વર્ક શોપનીપાછળ,ઈસનપુરઅમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ, ભુજ, વડોદરા, સુરત, જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રમજાન ઉર્ફે જાન્ના આમીનભાઈ અબ્દુલ રજાક કુરેશી રહે.બી/૭૪ ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ |
|  | અલ્તમસ ઉર્ફે પથ્થર ઈશાકભાઈ અકબરભાઈ કુરેશી રહે. ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ મુળ રહેવાસી- જાન સાહેબની ગલી, ઈલેકટ્રીક હાઉસ ની પાસે લાલ દરવાજા અમદાવાદ |
|  | મહેમુદ આમીનભાઈ અબ્દુલ રજાક કુરેશી રહેવાસી- .બી/૭૪ ન્યુ ઈન્દીરાનગર,મહાવીર સ્કુલ પાસે ઈસનપુર, અમદાવાદ |

| | |
|---|---|
|  | ફિરોજ ઉર્ફે મણીયો ફારુકભાઈ કુરેશી રહેવાસી- ૧૮૧, ગલી ન.૯ ફૈઝલ પાર્ક,તૃપ્તીહોટલની પાછળ,બીઆરટીએસ વર્ક શોપનીપાછળ,ઈસનપુરઅમદાવાદ |

- આ ઉપરાંત અન્ય મિલક્ત સબંધી/ શરીર સબંધી/પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૬ ઇસમો મળી <u>કુલ્લે ૧૨ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને રાજકોટ, સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

## વેજલપુર વિસ્તાર માં ફાયરીંગ અને ખુનની કોશિષના ગુન્હામા નાસતો ફરતો કુખ્યાત અઝહર ઉર્ફે કિટલીને પિસ્ટલ નંગ-૧ તથા દેશી તમંચો નંગ-૧ અને કાર્ટીઝ નંગ-૧ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઇમ બાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહીલ નાઓએ અમદાવાદ શહેર માં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાય રહે અને શરીર સંબંધી ગુનાઓમાં નાસતા ફરતા ઇસમોને તથા હથિયારોના કેસો શોધી કાઢવા ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસંધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપી અઝહર ઉર્ફે કિટીલી S/O ઇસ્માઇલભાઇ જાતે શેખ ઉવ.૩૨ ધંધો:- જમીન મકાન લે-વેચ રહે. મ.નં. ૧, અલનિયાઝ સોસાયટી, લવલી પાર્ક, વિશાલા સર્કલ, જુહાપુરા, અમદાવાદ શહેર તથા મ.નં.૨૬, અહેમદબાગ સોસાયટી, આયશા મસ્જીદ સામે, જુહાપુરા, અમદાવાદ શહેર નાને વગર પાસ પરવાનાવાળા દેશી હાથબનાવટની પિસ્ટલ નંગ-૧ કિં.રૂ.૧૫,૦૦૦/- તથા દેશી હાથબનાવટનો તમંચો નંગ-૧ કિં.રૂ.૧૫૦૦/- તથા મોટો કાર્ટીઝ નંગ-૧ કિં.રૂ.૧૦૦/- સાથે ઝડપી પાડેલ છે. .

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે અગાઉ ઘણા શરીર સબંધી ગુન્હાઓ કરેલ હોય અને પોતાના દુશ્મનો વધી ગયેલ હોય અને ગમે ત્યારે ઝઘડાઓ થાય તો લોકોને ડરાવવા માટે એક દોઢ વર્ષ પહેલા મધ્યપ્રદેશ ના ધાર જીલ્લામાંથી ગે.કા. હથિયારોનો વેપાર કરતા સરદારજી પાસેથી દેશી હાથબનાવટની પિસ્ટલ નંગ-૨ તથા દેશી તમંચો અને કાર્ટીઝો ખરીદ કરી લાવેલ અને એક વર્ષ પહેલા પોતાની સોસાયટીમા રહેતા સલીમ ઉર્ફે ચીચક નામની વ્યક્તિ સાથે અગાઉના ઝઘડાની અદાવતમા પોતાના ભાઇ સરફરાજ અને સાળા શાહરૂખ ઉર્ફે બોખો અને ઉસ્માન ઉર્ફે કૈયુમ નાઓ સાથે મળી ઝઘડો મારામારી કરેલ તે વખતે પોતાની પાસેની પિસ્ટલથી બે રાઉન્ડ ફાયરીંગ કરેલ જેમા સલીમ ઉર્ફે ચીચક ના એક માણસ ને ગોળી વાગેલ અને આ કેસમા પોતે આજદિન સુધી નાસતો ફરતો હતો

પોતે લાવેલ હથિયારો પૈકી એક પિસ્ટલ અને કાર્ટીઝ નંગ-૩ પોતાના સાળા શાહરૂખ ઉર્ફે બોખા ને રાખવા માટે આપેલ જેને ગઇ તા. ૧૦/૧૨/૨૦૧૯ ના રોજ પિસ્ટલ તથા કાર્ટીઝો સાથે ક્રાઇમબ્રાન્ચ મા ઝડપી લેવામા આવેલ છે અને બાકીના હથિયારો પોતે સાથે રાખી ફરતો

હતો અને વેજલપુર મા ફાયરીંગ કર્યા બાદ પોતે સાણંદ તથા ભરુચ અને ઉતરપ્રદેશ ખાતે પોતાના સગા સબંધીઓના ઘરે જતો રહેલ તેમજ અજમેર ખાતે પણ થોડા દિવસો સુધી ગેસ્ટ હાઉસમા રહેતો હતો અને પોતાની પાસેના ઉપરોકત હથિયારો લઇ આજરોજ પોતાના પરિવારને મળવા માટે જતો હતો દરમ્યાન ઝડપી લેવામા આવેલ છે અને પકડાયેલ આરોપી આ હથિયાર થી બીજા કેટલા ગુન્હાઓ આચરેલ છે તેમજ હથિયાર આપનાર અને બીજા કોઇ હથિયાર છે કે કેમ? તે બાબતે પો.સ.ઇ. શ્રી એસ.બી.દેસાઇ નાઓ તપાસ ચલાવી રહેલ છે.

<u>આરોપીઓ ગુનાહીત ઇતિહાસ</u> :-

(૧) સને-૨૦૧૪ માં વેજલપુર પોલીસ સ્ટેશન માં તિક્ષણ હથિયાર મારી ઇજા પહોંચાડવા ના કેસમા

(૨) સને-૨૦૧૫ માં વેજલપુર પોલીસ સ્ટેશન માં  તિક્ષણ હથિયાર મારી ઇજા પહોંચાડવા ના કેસમા

(૩) સને ૨૦૧૫-૧૬ માં વેજલપુર પોલીસ સ્ટેશન માં ખુન ની કોશિષ ના ગુન્હામા પકડાયેલ (૪) સને-૨૦૧૬ માં અસલાલી પોલીસ સ્ટેશન માં તિક્ષણ હથિયાર મારી ઇજા પહોંચાડવા ના કેસમા

(૫) સને-૨૦૧૭ માં વેજલપુર પોલીસ સ્ટેશનમાં ખુન ની કોશિષમા પકડાયેલ

(૬) સને ૨૦૧૭-૧૮ માં વેજલપુર પોલીસ સ્ટેશન માં ખુન ની કોશિષના ગુન્હામા

(૭) ઉપરોકત બનાવના બે ત્રણ મહિના પછી વેજલપુર પોલીસ સ્ટેશન માં મારામારી અને ધાકધમકીના કેસમા પકડાયેલ છે.

(૮) સને-૨૦૧૭ માં અજમેર પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુન્હામા પકડાયેલ છે.

(૯) ઉપરોકત કેસોમા ભાવનગર તથા જામનગર જીલ્લા જેલોમાં બે વાર પાસા અટકાયત કરવામા આવેલ છે.



## વેજલપુર પોલીસ સ્ટેશન :

## NDPS ગુન્હાના કામે પાંચ મહીનાથી પેર્રોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ પોલીસ કમીશનર સાહેબ શ્રી તથા સંયુકત પોલીસ કમીશનર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા નાસ્તા ફરતા આરોપીઓ તેમજ વોન્ટેડ આરોપીઓ પકડવા મૌખીક સુચના આપેલ હોય જે સુચના આધારે અમારા સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. આર.પી.વણઝારા તથા લોકરક્ષક મયુદ્દીન મકબુલમીયાં બ.નં ૫૯૩૮ તથા અ.પો.કો. સુરેશભાઇ લાલભાઇ બ.નં.૧૦૩૪૦ તથા લોકરક્ષક વસીમ હમીદભાઇ બ.નં.૪૨૬૩નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા જુહાપુરા ચાર રસ્તા પાસ આવતા લોકરક્ષક મયુદ્દીન મકબુલમીયાં બ.નં ૫૯૩૮ તથા અ.પો.કો. સુરેશભાઇ લાલભાઇ બ.નં.૧૦૩૪૦ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે મધ્યસ્થ જેલ પેર્રોલ જમ્પ કેદી નં-૮૧૦/૧૯ નાઓ NCB/AZU/CR. NO-08/2017 NDPS એકટ કલમ ૮ (સી),૨૦(બી) મુજબના કામે આરોપી નામે આબીદમીયાં હમીદમીયાં સૈયદ રહે.જી/૧૦૩ સંકલિતનગર જી વોર્ડ જુહાપુરા,વેજલપુર અમદાવાદ શહેર નાને આજ રોજ તા:-૨૨/૧૨/૨૦૧૯ ના કલાક-૧૯/૧૫ વાગે પકડી સદરી આરોપીને મધ્યસ્થ જેલ સાબરમતી ખાતે મુકવા જવા તજવીજ કરી પ્રશંશનીય અને ઉમદા કામગીરી કરેલ છે



# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ક્રાઇમ બ્રાંચ :</u>**

## <u>જવેલર્સો ની દુકાનમાં ગ્રાહક ના સ્વાંગમા જઇ નજર ચુકવી સોનાના દાગિનાઓની ચોરી કરનાર ભાઇ-બહેન ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ નાઓએ અમદાવાદ શહેર માં મિલકત સબંધી ગુન્હાઓ તથા ઘરફોડ ચોરીઓ તથા વાહનચોરી બનાવો સંબધી ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા તથા તેઓના સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો નાઓને મળેલ બાતમી હકીકત અધારે આરોપી બહેન (૧) પુનમ ઉર્ફે પુર્ણી W/O કમલેશ ઉર્ફે રાજા S/O થાવરભાઇ જાતે રંગવાણી ઉવ.૫૪ રહે. હાલ મ.નં.૫, માકુપુરા ચાર રસ્તા, રિક્ષા સ્ટેન્ડ પાસે, અજમેર, રાજસ્થાન તથા મ.નં. એ/૧, સોમનાથ કોમ્પલેક્ષ, નરોડા પોલીસ સ્ટેશન પાસે, સુતરના કારખાના રોડ, નરોડા, અમદાવાદ શહેર તથા નં.(૨) ચંદ્રકાન્ત ઉર્ફે મુન્ના S/O વિનોદભાઇ જાતે પરમાર ઉવ. ૫૦ રહે. બ્લોક નં. બી/૨૪, રૂમ નં.૪૦૩, સ્વામિનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા , નરોડા, અમદાવાદ શહેર તથા સી/૧૦૧, શીલ્પ સૃષ્ટી ફ્લેટ, મહાકાળી પેટ્રોલ પંપ પાસે રીંગ રોડ, નરોડા, અમદાવાદ શહેર નાઓને ઝડપી લેવામા આવેલ

પકડાયેલ આરોપી બહેન તથા આરોપીની પુછપરછ કરતા પોતે બંન્ને ભાઇ બહેન થાય છે અને કે પોતે બંન્ને અગાઉ અમદાવાદ શહેર તથા અન્ય શહેરો અને રાજય બહાર જવેલર્સોમાં નજર ચુકવી દાગિનાઓ ચોરી કરવાના કેસોમા પકડાયેલ છે અને અગાઉ પુનમ ઉર્ફે પુર્ણી પોતે ક્રાઇમબ્રાન્ચ મા પકડાયેલ ત્યારે ગુજરાત અને અમદાવાદ શહેર મા જવેલર્સોમાંથી ચોરી કરેલ તે બાબતેની હકીકત જણાવેલ અને રાજસ્થાન કોટા શહેરમાથી ચોરી કરેલ તે બાબતેની હકીકત જણાવેલ નહીં જેમાં છએક મહિના પહેલા પોતે તથા કમલેશ ઉર્ફે રાજા અને ચંદ્રકાન્ત વિનોદભાઇ પરમાર નાઓ સાથે મળી રાજસ્થાન કોટા શહેરમા ગયેલ અને ત્યાં શરાફી માર્કેટ માં એક જવેલર્સમાં હાજર કર્મચારીની નજર ચુકવી દુકાનમાંથી સોનાનો હાર ચોરી કરેલ જે હાર ચંદ્રકાન્તે વસ્ત્રાપુર મા એક સોનીને વેચી દીધેલ તેમજ આજથી એકાદ વર્ષ પહેલા પુનમ ઉર્ફે પુર્ણી તથા કમલેશ ઉર્ફે રાજા નાઓ કોટા શહેરમા એક જવેલર્સમાંથી સોનાની બંગડી અને કડાની ચોરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે

આરોપીઓની મોડસ ઓપરેન્ડસી:-

અમદાવાદ શહેર તથા અન્ય રાજયો મા જવેલર્સની દુકાનોમા ગ્રાહકો તરીકે જઇ ત્યાં હાજર કર્મચારી કે વેપારી ને દાગિનાઓ બતાવવાનુ કહી વાતોમા રાખી બીજા દાગિનાઓ બતાવવાનુ કહી નજર ચુકવીને પુનમ ઉર્ફે પુર્ણી પોતાની ચાલાકીથી દાગિનાઓ ચોરી કરી પોતાના કબ્જામા કે પર્સમા છુપાવી દઇ ચોરી કરે છે

આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ:-

| આરોપી બહેન પુનમ ઉર્ફે પુર્ણી | આરોપી ચંદ્રકાન્ત ઉર્ફે મુન્ના |
|---|---|
| (૧) સને-૨૦૧૮ રાજસ્થાન બિકાનેર કોતવાલી પોલીસ સ્ટેશન<br>(૨) સને-૨૦૧૮ જયપુર સિટી પોલીસ સ્ટેશન<br>(૩) પંદર વર્ષ પહેલા દિલ્હી શહેર મા ૨ કેસો<br>(૪) અઢી વર્ષ પહેલા ગ્વાલિયર શહેરમાં ૨ કેસ<br>(૫) આંઠેક વર્ષ પહેલા કલકત્તા શહેરમા ૨ કેસ<br>(૬) બે વર્ષ પહેલા મુંબઇ શહેરમાં ૧ કેસ<br>(૭) પાંચ વર્ષ પહેલા રાજકોટ શહેર માં ૧ કેસ<br>(૮) એક મહિના પહેલા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ૧ કેસ<br>(૯) સાણંદ પોલીસ સ્ટેશનમાં ૧ કેસ | (૧) સને-૧૯૯૬ માં અમદાવાદ શહેર નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ૧ કેસ<br>(૨) દસ બાર વર્ષ પહેલા મુંબઇ એલ.ટી.માર્ગ પોલીસ સ્ટેશન માં ૨ કેસોમાં<br>(૩) આંઠેક વર્ષ પહેલા દિલ્હી શહેરમાં કરોલબાગ પોલીસ સ્ટેશનમાં ૧ કેસમાં<br>(૪) ચારેક વર્ષ પહેલા મધ્યપ્રદેશ ગ્વાલિયર મા ૧ કેસમા<br>(૫) પાંચેક વર્ષ પહેલા કલકત્તામા ૧ કેસમા<br>(૬) એક વર્ષ પહેલા મોડાસા સિટી પોલીસ સ્ટેશન માં ઇંગ્લીશ દારુના કેસમા પકડાયેલ |



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને પીસીબીના સ્ટાફના માણસો તા.૨૨.૧૨.૧૯ ના રોજ પેટ્રોલીગમાં હતા દરમ્યાન કાલુપુર રેલ્વે સ્ટેશન પાસે આવતા સ્ટાફના માણસોને ચોકક્સ બાતમી હકીકત મળેલ કે " કાલુપુર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ ન.૬ ના પીલર ન.૨૦ પાસે બે ઇસમો કે જેમા એકે કાળા કલરનુ ટી શર્ટ તથા બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરેલ છે તથા બીજાએ પીળા કલરનુ પટટાવાળુ ટીશર્ટ તથા બ્લ્યુ જીન્સ પહેરેલ છે તેઓ પોતાની પાસે કાળા કલરની કોલેજ બેગોમા કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો ભરી ઉભેલા છે" જે બાતમી હકીકત આધારે ઉપરોક્ત જણાવેલ જગ્યાએ સ્ટાફના માણસોએ પંચો સાથે રેઇડ કરતા ઉપરોક્ત વર્ણનવાળા ઇસમોને નીચે મુજબના ભારતીય બનાવટના વિદેશી દારુના જથ્થા સાથે પકડી પાડેલ છે.

આ ઇગ્લીશ દારુના જથ્થા અંગે પકડાયેલ આરોપીઓને પુછતા આ દારુનો જથ્થો સન્ની અનવરભાઇ નામનો ઇસમ કોઇ ટ્રેન મારફતે લાવી પોતાને પ્લેટફોર્મ ન.૬ ઉપર આપી ગયેલ હોવાનુ જણાવેલ છે.આ કામે આરોપીઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કાલુપુર રેલ્વે પોસ્ટે ખાતે પ્રોહી.ગુરન ૫૩૩૧.૧૯ પ્રોહી કલમ ૬૬બી,૬૫એઇ,૮૧,૧૧૬(૧)બી મુજબ ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**પકડાયેલ આરોપીઓ ઃ**

(૧) શાકીર ઉર્ફે નવ્વો હાજીમોહમદ કિશનગઢવાળા ઉ.વ.૨૮ રહે.૬૮૬૯, ખાંડની શેરી હનુમાન મંદિર પાસે જમાલપુર પગથીયા પાસે જમાલપુર અમદાવાદ

(૨) રીહાન અબરાર કુરેશી ઉ.વ.૨૦ રહે.શકીલભાઇની ચાલી સહીરભાઇના મકાનની બાજુમા ઇટવાડા શહેરકોટડા, અમદાવાદ મુળ રહે.૬૮૭, મહોલ્લા શેખાન કસ્બા અશનેરા અરુઆ ખાસ આગ્રા ઉતરપ્રદેશ.



**વોન્ટેડ આરોપીઓ**ઃ

(૧) અનવર જેના પુરાનામઠામની ખ્બર નથી
(૨) સન્ની અનવરભાઇ જેના પુરાનામઠામની ખ્બર નથી.

**ગુનાની જગ્યાઃ** અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ ન.૬ પીલર ન.૨૦ આગળ ખુલ્લી જગ્યામા

**પકડાયેલ મુદામાલ ઃ**

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ ૫૦ કિ.રુ.૧૫,૦૦૦/-
(૨) મોબાઇલ ફોન નંગ ૨ કિ.૨૨૦૦૦/-
(૩) અંગ જડતીના નાણા રુ.૫,૫૬૦/-
(૪) કાપડની કોલેજ બેગ નંગ ૩ કિ.૦૦/- મળી **કુલ્લે ૪૨,૫૬૦/-** નો મુદામાલ

# ગુમ થયેલ બાળકને શોધ્યા અંગેની વિગત

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## ગુમ થયેલ બાળકને ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેનુ મીલન તેના માતા-પિતા સાથે કરાવતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડિવિઝન સાહેબના માર્ગદર્શન હેઠળ ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ થયેલ બાળકોને સત્વરે શોધી કાઢવા સારૂ કરેલ સુચનાઓ મુજબ આજરોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે એક બાળક નામે પ્રકાશ નટવરભાઇ પટણી ઉ.વ.૧૧ રહે.વિજયમીલ ઔડાના મકાન નરોડા રોડ અમદાવાદ શહેર નાનો જે બરાબર બોલી શકતો ન હોય તેમજ સામાન્ય મંદ બુધ્ધીનો હોય જેના ગુમ થવા બાબતે તેના માતા-પિતા પોલીસ સ્ટેશન ખાતે આવતા બાળકના વર્ણન સહીતની વિગતો સાથે અમદાવાદ શહેર તથા આસપાસના જીલ્લાઓમાં અત્રેના પો.સ્ટેના તમામ અધિકારીશ્રી તથા પોલીસ કર્મચારીશ્રીઓએ પોત-પોતાના વોટ્સએપ ગ્રુપમાં તથા સોશીયલ નેટવર્ક પર ગુમ થનાર બાળકની માહિતીની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ જેના પરીણામ સ્વરૂપે ગાંધીનગર જીલ્લાના ડભોડા પોલીસ સ્ટેશનના અધિકારીશ્રી તરફથી સદરી ગુમ થનાર બાળકની વિગત મળતા સદરી બાળકને ડભોડા પોલીસ સ્ટેશનના અધિકારીશ્રી દ્વારા સદરી ગુમ થનાર બાળકને બાળ વિકાસ ગૃહમાં સોંપવામાં આવેલ જેની તુરતજ બાળ વિકાસ ગૃહના અધિકારી/કર્મચારીના સંપર્કમાં રહી સત્વરે બાળકનો કબ્જો મેળવી બાળકનુ મીલન તેના માતા-પિતા સાથે કરાવવામાં આવેલ છે.

